# નવસારી-વલસાડ-વાપી

ગુજરાતમિત્ર

નવસારી : ૯૪૨૬૧૮૯૫૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | વલસાડ : ૯૯૭૯૯૫૫૭૫૫ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫




**વલસાડના વ્યસ્ત ગણાતા મોગરાવાડી અંડરપાસમાં આજે વિચિત્ર ઘટના સામે આવી**

# વરસાદ વગર ટુ-વ્હીલર ચાલકો ભીંજાઈ ગયા

**મેઘરાજાની** એન્ટ્રી પહેલા જ મોગરાવાડી અંડરપાસમાં 'વરસાદ'

**અંડરપાસની** ઉપરની પાઈપલાઈનમાં ભંગાણ કે ખામીના કારણે આ પાણી પડી રહ્યું હોવાની આશંકા



વલસાડ : વલસાડ શહેરના વ્યસ્ત ગણાતા મોગરાવાડી અંડરપાસમાં આજે એક વિચિત્ર અને હેરાન કરનારી ઘટના સામે આવી છે. આકાશમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે હજુ તો ખરા અર્થમાં વરસાદની શરૂઆત થઈ નથી, ત્યાં જ મોગરવાડી અંડરપાસમાં જાણે ધોધમાર વરસાદ પડી રહ્યો હોય તેમ ઉપરથી પાણી પડવાનું શરૂ થતા લોકો આશ્ચર્યમાં મુકાયા હતા.

સામાન્ય રીતે ચોમાસામાં ભારે વરસાદ દરમિયાન અંડરપાસમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાતી હોય છે, પરંતુ આજે વગર વરસાદે અંડરપાસની છતમાંથી મોટી સંખ્યામાં પાણી પડતા વાહનચાલકો પરેશાન થઈ ગયા હતાં. ઉપરથી પડતા પાણીના કારણે દ્રશ્યો એવા સર્જાયા હતા જાણે અંડરપાસની અંદર જ વરસાદ પડી રહ્યો હોય છે.

અચાનક મોટી માત્રામાં પાણી પડવાને કારણે ટુ-વ્હીલર ચાલકો ભીંજાઈ ગયા હતા જ્યારે રસ્તા પર પાણી જમા થવાને કારણે લપસણું વાતાવરણ સર્જાયું હતું. આ સ્થિતિને જોતા અનેક વાહનચાલકોએ અકસ્માતના ભયે અંડરપાસમાંથી પસાર થવાનું ટાળ્યું હતું અને લાંબો રૂટ લેવાની ફરજ પડી હતી. સ્થાનિકોમાં ચર્ચા છે કે, જો અત્યારે આ હાલત હોય, તો ભારે ચોમાસા દરમિયાન આ અંડરપાસની સ્થિતિ કેટલી ગંભીર હશે? અંડરપાસની ઉપરથી પસાર થતી પાઈપલાઈનમાં ભંગાણ કે અન્ય કોઈ ટેક્નિકલ ખામીના કારણે આ પાણી પડી રહ્યું હોવાની આશંકા સેવાઈ રહી છે. હાલ તો આ પાણીના કારણે મોગરવાડી વિસ્તારમાં ટ્રાફિક અને જનજીવન પ્રભાવિત થયું છે.

## વલસાડમાં પાલિકાના શોપિંગ સેન્ટરનો સ્લેબ ધરાશાયી



**ખાનગી** જર્જરિત મકાનો સામે કાર્યવાહી કરનાર પાલિકા પોતાના જ શોપિંગ સેન્ટરોની જાળવણીમાં પાછળ

વલસાડ : વલસાડ શહેરમાં ગત બે વર્ષ દરમિયાન અનેક જર્જરિત મકાનો તૂટી પડવાના બનાવો સામે આવ્યા છે. આવી ઘટનાઓ બાદ પાલિકાએ શહેરના જોખમી મકાનોને નોટિસ આપીને જરૂરી પગલાં લેવા સૂચનાઓ આપી હતી. પરંતુ પાલિકાના પોતાના જ મકાનોની હાલત પર પ્રશ્નો ઊભા થયા છે.

તાજેતરમાં શહેરના ચોર ગલી વિસ્તારમાં આવેલ પાલિકા નિર્મિત શોપિંગ સેન્ટરમાં સ્લેબનો ભાગ અચાનક તૂટી પડ્યો હતો. સદનસીબે આ ઘટના દુકાનો બંધ થયા બાદ બનતા કોઈ જાનહાની થઈ નથી. જોકે નજીક પાર્ક કરાયેલ એક મોપેડને નુકસાન થયું હોવાનું જાણવા મળે છે.

આ ઘટનાએ પાલિકાની કામગીરી પર સવાલો ઉભા કર્યા છે. શહેરમાં ખાનગી જર્જરિત મકાનો સામે કાર્યવાહી કરનાર પાલિકા પોતાના જ શોપિંગ સેન્ટરોની જાળવણીમાં કેમ પાછળ પડી રહી છે તે મુદ્દે સ્થાનિકોમાં ચર્ચા ચાલી રહી છે. સ્થાનિકો દ્વારા પાલિકાને તાત્કાલિક તમામ શોપિંગ સેન્ટરોની સ્થિતિનું સર્વેક્ષણ કરી જરૂરી મરામત અને સુરક્ષા પગલાં લેવા માંગ ઉઠી છે, જેથી ભવિષ્યમાં કોઈ ગંભીર દુર્ઘટના ટાળી શકાય.

## કુંભઘાટ નજીક કન્ટેનરે અનેક વાહનોને ઉડાવ્યા, બેના મોત

**બે** કન્ટેનર વચ્ચેની જોરદાર ટક્કરમાં કેબિનનો કચ્ચરઘાણ, પિકઅપ અને આઈશર ટેમ્પો પણ અકસ્માતની ઝપેટમાં



વલસાડ : નાનાપોંઢા-નાસિક માર્ગ પર આવેલા 'અકસ્માત ઝોન' માંડવા કુંભઘાટના યાદવ ઢાબા નજીક મંગળવારે ભયાનક અકસ્માત સર્જાયો હતો. નાસિક જઈ રહેલા કન્ટેનર (GJ-18-BT-4177) ના ચાલક બ્રિજેશ શ્યામસિંગે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા અનેક વાહનોને અડફેટે લીધા હતા.

અનિયંત્રિત બનેલા આ કન્ટેનરે સામેથી આવતી પિકઅપ (MH-14-MT-9551) ને ટક્કર મારતા તે પલટી ખાઈ ગઈ હતી અને તેમાં ભરેલો સામાન વેરવિખેર થઈ ગયો હતો. ત્યારબાદ કન્ટેનરે અન્ય એક આઈશર ટેમ્પોને પાછળથી ટક્કર મારી ભારે નુકસાન પહોંચાડ્યું હતું. આ સિલસિલો અહીં ન અટકતા, કન્ટેનર સામેથી આવી રહેલા અન્ય એક કન્ટેનર (GJ-27-TD-7435) સાથે ધડાકાભેર અથડાયું હતું.

આ જોરદાર ટક્કરમાં બંને કન્ટેનરના કેબિનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. સામેના કન્ટેનરના ચાલકનું ગંભીર ઈજાઓ થવાથી ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જનાર ચાલક બ્રિજેશ કેબિનમાં ખરાબ રીતે ફસાઈ ગયો હતો. લાંબી જહેમત બાદ કેબિન કાપી તેને બહાર કાઢી સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું પણ મોત નીપજ્યું હતું.

અકસ્માતને પગલે હાઈવે પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો, પરંતુ પોલીસે ત્વરિત પહોંચી વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. આ અંગે મહારાષ્ટ્રના નામદેવ બંસી પલવડેએ નાનાપોંઢા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

**ચીખલી તાલુકામાં ડ્રેનેજ વિભાગની નિષ્ક્રિયતા વચ્ચે અનેક જગ્યાએ દબાણ**

## દબાણથી ચોમાસામાં માર્ગો ઉપર ફરી વળતા પૂરના પાણી

**ચીખલી** અને તલાવચોરામાં કુદરતી કાંસમાં દબાણ કરી પાણીના નિકાલમાં અવરોધ ઉભો કરનારાઓને ડ્રેનેજ વિભાગની નોટિસ

**નોટિસ** ફટકારી દબાણ દૂર કરી કાંસને મૂળ સ્થિતિમાં લાવવા તાકીદ

**તલાવચોરામાં** ઉર્વી પેટ્રોલિયમના ધ્રુવ પટેલને નોટિસ ફટકારવામાં આવી



ધર્મેશ પટેલ

### દબાણો દૂર કરવામાં આવશે કે કેમ તે જોવું રહ્યું

હવે ડ્રેનેજ વિભાગ દ્વારા માત્ર દેખાડા પૂરતી જ નોટિસ આપી સંતોષ માનવામાં આવશે કે પછી કાસમાં દબાણો દૂર કરવામાં આવશે તે જોવું રહ્યું. નોંધનીય છે કે આ બંને જગ્યાએ ચોમાસા દરમિયાન કાવેરી નદીમાં મોટી પૂરના સમયે મુખ્ય માર્ગ ઉપર પાણી ફરી વળતા હોય છે. અને હવે આ ચીખલી અને તલાવચોરામાં કાસ-કોતરમાં દબાણથી આ સમસ્યામાં વધારો થશે તે નિશ્ચિત જણાઈ રહ્યું છે.

ઘેજ : ચીખલી અને તલાવચોરામાં કુદરતી કાંસમાં દબાણ કરી પાણીના નિકાલમાં અવરોધ ઉભો કરનારાઓને ડ્રેનેજ વિભાગ દ્વારા નોટિસ ફટકારી દબાણ દૂર કરી કાંસને મૂળ સ્થિતિમાં લાવવા તાકીદ કરવામાં આવી છે.

ચીખલી તાલુકામાં ડ્રેનેજ વિભાગની નિષ્ક્રિયતા અને ગાંધારીની ભૂમિકા વચ્ચે અનેક જગ્યાએ કુદરતી કાંસ, કોતરમાં માટી પુરાણ, આરસીસી પાઈપ કે બાંધકામ કરી દબાણ કરી કુદરતી રીતે થતા પાણીના નિકાલ સામે અવરોધ ઊભો કરવામાં આવી રહ્યો છે. જમીન બિનખેતીના સમયે ડ્રેનેજ વિભાગના અભિપ્રાય અને નીતિ નિયમોના સ્થળ પર ધજાગરા ઉડાડી આડેધડ દબાણ કરવામાં આવી રહ્યું છે. અને ડ્રેનેજ વિભાગના નિયમો માત્ર કાગળ પર જ રહી જવા પામ્યા છે. તાલુકાના જાગૃત નાગરિકની લેખિત રજૂઆત બાદ હરકતમાં આવેલા ડ્રેનેજ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા તલાવચોરા સ્થિત ઉર્વી પેટ્રોલિયમના ધ્રુવ કિશોરભાઈ પટેલને અપાયેલી નોટિસમાં જણાવ્યું છે કે પેટ્રોલ પંપમાં નિયમ વિરુદ્ધ બાંધકામ કરી સ્થાનિક કોતરમાં દબાણ અંગેની અરજીમાં સ્થળ તપાસ દરમિયાન પેટ્રોલ પંપ વાળી જગ્યાની બાજુમાં બાઉન્ડ્રી વોલ બનાવવામાં આવેલી છે.

આ વોલ કુદરતી કાસમાં દબાણ કરેલી હોવાનું જણાય છે. ઉપરોક્ત વોલ કાસમાંથી દૂર કરી કાસને મૂળ સ્થિતિમાં લાવવી અન્યથા જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારાય છે.

### ચીખલીના રુદ્ર ડેવલોપરને પણ નોટિસ

ઉપરાંત ચીખલીમાં રુદ્ર ડેવલોપરને આપવામાં આવેલી નોટિસમાં જણાવ્યું છે કે સ્થળ તપાસ દરમિયાન રુદ્ર ડેવલોપર દ્વારા શોપિંગ કોમ્પલેક્સ બનાવવાનું આયોજન કરે છે તેમજ આ જગ્યાની બાજુમાં બાઉન્ડ્રી વોલ બનાવાયેલી છે. તેનો અમુક ભાગ કુદરતી કાસમાં દબાણ કરેલો હોવાનું જણાય છે તથા આ કાસમાં પાઇપો નાખીને દબાણ કરીને પાણીના નિકાલમાં અવરોધ ઊભો થયેલો જોવા મળે છે. ઉપરોક્ત કાસમાં નાખવામાં આવેલા પાઇપો તથા વોલ કાસમાંથી દૂર કરી કાસને મૂળ સ્થિતિમાં લાવવા અને અન્યથા કાર્યવાહી કરવામાં આવશે તેની ગંભીરતાથી નોંધ લેવા જણાવાયું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપી જીઆઈડીસીની કંપનીની બહાર આગનો બનાવ બન્યો

વાપી : વાપી જીઆઈડીસી સ્થિત નામાંકિત પેપર મીલ કંપનીના બહારના ભાગે બપોરના સમયે આગનો બનાવ બન્યો હતો. આગે જોતજોતામાં મોટુ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ધૂમાડાના ગોટેગોટા દૂર સુધી નજરે પડ્યા હતાં. આગના બનાવ અંગેની જાણ તરત જ ફાયર વિભાગને કરવામાં આવી હતી અને વાપી જીઆઈડીસી, વાપી મનપા તથા ખાનગી કંપનીના ફાયર ફાઈટરોની ટીમ આવી પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી ગણતરીના કલાકમાં આગ પર કાબુ મેળવી લીધો હતો. આગમાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

### ચીખલીના થાલામાં બંધ ઘરમાંથી તસ્કરો ૧.૧૫ લાખની ચોરી કરી ગયા

ઘેજ : ચીખલી નજીક થાલામાં બંધ ઘરમાં તસ્કરોએ ધાપ મારી સોનાના દાગીના અને રોકડા સહિત ૧.૧૫ લાખ રૂપિયાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. ફરિયાદી વત્સલ પટેલ (હાલ રહે. કોટેજ હોસ્પિટલ નવા ક્વાટર્સ પાછળ તા.વાંસદા) ચીખલી અપડાઉન કરે છે. તેમના થાલામાં હાઇવે સ્થિત સાંઇ નગર સોસાયટીમાં આવેલા ઘરમાં રવિવારે રાત્રે દરવાજાનો નકુચો તોડી કોઈ ચોર ઈસમો ઘરમાં પ્રવેશી બેડરૂમના કબાટોના તાળા તોડી સોનાની ચેઇન, સોનાની વીંટી અને રોકડા ૧,૧૫,૦૦૦ મળી કુલ ૧,૧૫,૦૦૦ રૂપિયાની મત્તા ચોરી જઇ ફરાર થઇ ગયા હતા. પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ-એફ.એચ.પટેલે હાથ ધરી હતી.

### ખડકી હાઇવે પર ટેન્કર અડફેટે સરોંધીના બાઈક ચાલકનું મોત



પારડી : વલસાડના સરોંધીમાં રહેતા કરણ મંગુભાઈ નાયકા બાઈક નંબર જી.જે. 15 બી.પી. 5116 લઈને વલસાડથી વાપી જતા ટ્રેક ઉપર પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન પારડીના ખડકી હાઇવેના ત્રીજા ટ્રેક ઉપર ટેન્કર નંબર એમએચ 05 ઈ.એલ. 6156 ના ચાલકે યુવાનની બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. યુવાનનું ઘટનાસ્થળે જ મોત થયું હતુ. યુવાનની લાશને ઓરવાડ સીએચસી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જેની જાણ પરિવારને થતા હોસ્પિટલ પહોંચ્યા હતાં. સમગ્ર ઘટના અંગે પારડી પોલીસ મથકે યોગેશ નાયકાએ ટેન્કર ચાલક ફિરોજ અહેમદ મોહરામ અલી (રહે. મુંબઈ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### નવસારી હાઇવે પર ટેમ્પોની ટક્કરથી બાઇક સવાર દંપતી પટકાયુ, પત્નીનું મોત

નવસારી : સરપોર ગામના નિવાસી ગીતાબહેન ખાલપ પતિ સાથે બાઈક પર ગેસ સિલિન્ડર ભરાવવા નવસારી તરફ જઈ રહ્યા હતા, ત્યારે પૂરઝડપે આવી રહેલા ટેમ્પો ચાલકે તેમની બાઈકને ટક્કર મારતા ગીતા બહેન રસ્તા પર પટકાઈ ગંભીર ઇજાઓના કારણે ઘટનાસ્થળે જ પ્રાણ ગુમાવ્યા હતા. ટેમ્પો ચાલક પોતાનું વાહન સ્થળ પર જ મૂકી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ નવસારી ગ્રામ્ય પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી મૃતદેહને કબજે કરીને પોસ્ટમોર્ટમ માટે નવસારી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પોલીસે ફરાર ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી તેની શોધખોળ તેજ કરી છે.

## નવસારીમાં આચારસંહિતાનો અમલ નહીં થતા ચર્ચાનો વિષય

**રેલવે** સ્ટેશન વિસ્તારમાં હજુ પણ સરકારની વિવિધ યોજનાઓના નજરે પડતા બોર્ડ અને હોર્ડિંગ્સ




નવસારી: નવસારી શહેરમાં ચૂંટણી આચારસંહિતા લાગુ થયા બાદ પણ તેના અમલને લઈને સવાલો ઊભા થયા છે. ખાસ કરીને રેલવે સ્ટેશન જેવા વ્યસ્ત વિસ્તારમાં હજુ પણ સરકારની વિવિધ યોજનાઓના બોર્ડ અને હોર્ડિંગ્સ નજરે પડતા હોવાના કારણે તંત્રની કામગીરી ચર્ચાનો વિષય બની છે.સ્થાનિકોમાં ચર્ચા છે કે નિયમોનો અમલ સર્વ માટે સમાન હોવો જોઈએ. સામાન્ય નાગરિકો માટે કડક નિયમો અમલમાં મુકાતા હોય, ત્યારે જાહેર સ્થળોએ આવા બોર્ડ યથાવત કેમ? આ મુદ્દે પારદર્શિતા અને જવાબદારી અંગે સવાલો ઉઠી રહ્યા છે. જાગૃત નાગરિકોએ તંત્રને અપીલ કરી છે કે તાત્કાલિક કાર્યવાહી કરીને આવા બોર્ડ દૂર કરવામાં આવે અને ચૂંટણીની નિષ્પક્ષતા જાળવવામાં આવે.

## ગણદેવીમાં ચૂંટણીના ફોર્મ માટે નિરસતા

**તાલુકા,** જિલ્લા પંચાયત અને નગરપાલિકાની બેઠકો માટે બે દિવસમાં માત્ર ૧૭ ફોર્મ ઉપડ્યા

બીલીમોરા : ગણદેવી તાલુકા પંચાયતની ૨૪, જિલ્લા પંચાયતની ૬ અને ગણદેવી નગરપાલિકાની ૨૪ બેઠકો માટે આગામી સમયમાં ચૂંટણી યોજાનાર છે. જોકે, શરૂઆતના બે દિવસમાં ચૂંટણી વાંચ્છુકોમાં ખાસો ઉત્સાહ જોવા મળ્યો નથી અને અત્યાર સુધીમાં કુલ માત્ર ૧૭ ફોર્મનું જ વિતરણ થયું છે. મંગળવારે ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અપક્ષ દાવેદારો દ્વારા આ ફોર્મ લેવામાં આવ્યા હતા. હાલમાં પ્રારંભિક તબક્કે ઉદાસીન વલણ જણાઈ રહ્યું છે, પરંતુ ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૧૧મી હોવાથી શુક્રવાર અને શનિવાર દરમિયાન ઉમેદવારોનો ધસારો વધવાની પૂરી શક્યતા છે.

### ચીખલી તાલુકામાં બે દિવસમાં ૧૨૦ ફોર્મનો ઉપાડ

ઘેજ : ચીખલી તાલુકામાં તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણીમાં બે દિવસમાં ૧૨૦ જેટલા ઉમેદવારી ફોર્મનો ઉપાડ થવા સાથે જિલ્લા પંચાયતની કુકેરી બેઠક માટે બે ફોર્મ ભરી રજૂ કરવામાં આવ્યા હતા. ચીખલી તાલુકામાં તાલુકા પંચાયતની ૨૮ અને જિલ્લા પંચાયતની ૮ બેઠકોની ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ જવા પામ્યો છે અને રાજકીય પક્ષોની ગતિવિધિ તેજ બની ગઈ છે. તાલુકા પંચાયત કચેરીમાં જિલ્લા પંચાયતની રૂમલા, સાદકપોર, સમરોલી અને વાંઝણા અને તેમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતની બેઠકો જ્યારે મામલતદાર કચેરીમાં ઘેજ, માંડવખડક, કુકેરી અને ખૂંધ જિલ્લા પંચાયત અને તેમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતની બેઠકોની કામગીરી કરવામાં આવી છે. બે દિવસ દરમ્યાન તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકો માટે કુલ ૧૨૦ જેટલા ફોર્મનો ઉપાડ થયો છે અને આ પૈકી જિલ્લા પંચાયતની કુકેરી બેઠક પરથી બે જેટલા ઉમેદવારી પત્રકો ભરીને રજૂ કરવામાં આવ્યા છે.

### મતદારોની સંખ્યા

ગણદેવી તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકો માટે કુલ ૧,૩૮,૮૩૦ મતદારો (૬૯,૩૬૭ પુરુષ અને ૬૯,૪૬૨ મહિલા) નોંધાયેલા છે. જ્યારે ગણદેવી નગરપાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે કુલ ૧૧,૫૭૬ મતદારો (૫,૭૪૬ પુરુષ અને ૫,૮૩૦ મહિલા) મતાધિકારનો ઉપયોગ કરશે. હાલ તો રાજકીય પક્ષોમાં 'જો અને તો' ના ગણિત મંડાઈ રહ્યા છે અને આગામી દિવસોમાં ચૂંટણી પ્રચાર વેગ પકડશે.

## ગોઇમામાં 'રોડ નહીં તો વોટ નહીં'ના બેનર

**વર્ષોથી** તંત્ર દ્વારા ખાલી વાયદા કરતા છેવટે સ્થનિકો કંટાળી ચૂંટણીનો બહિષ્કાર કરવાના મૂડમાં





અમૃત પટેલ

પારડી : પારડીના ગોઇમા ગામે સામી ચૂંટણીએ ગામ લોકોએ રોડ નહીં તો વોટ નહીંના બેનરો લગાવ્યા હતાં. ગામના મીંઢોળી ફળિયાના રહીશોએ આરપારની લડાઈ લડવાનો નિર્ધાર કર્યો છે. છેલ્લા 25 વર્ષથી કાચા રસ્તા પર ચાલવા મજબૂર બનેલા ગ્રામજનોએ ફળિયામાં રોડ નહીં તો વોટ નહીંના બેનરો લગાવી રાજકીય પક્ષોના શ્વાસ અધ્ધર કરી દીધા છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે, દર વખતે ચૂંટણી આવે ત્યારે નેતાઓ વાયદાઓ કરી જાય છે, પરંતુ ચૂંટણી પત્યા પછી નેતાઓ ગાયબ અને રસ્તાની હાલત ઠેરની ઠેર રહે છે. આ વિસ્તારમાં માત્ર રોડ જ નથી બન્યો એવું નથી, પરંતુ નાળા નાખવાની કામગીરી પણ વર્ષોથી અદ્ધરતાલ છે. પરિણામે ચોમાસામાં ભારે મુશ્કેલી પડે છે. શાળાએ શિક્ષકો પણ આવી શકતા નથી અને બાળકો પણ જઈ શકતા નથી. બિમાર દર્દીઓ કે સગર્ભા મહિલાને હોસ્પિટલ લઈ જવી લોઢાના ચણા ચાવવા જેવું બની જાય છે.

## વાપી મનપાની ચૂંટણીમાં કોંગ્રેસનો મેયર બનશે તેવો નેતાનો દાવો

**વાપીમાં** મનપા ચૂંટણી પહેલા કોંગ્રેસ દ્વારા ૧૧ મુદ્દાના સંકલ્પ પત્રને જાહેર કરાયું



વાપી : વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણીમાં કોંગ્રેસનો મેયર બનશે તેવું પ્રદેશ કોંગ્રેસ તરફથી ઉપસ્થિત સુરતના કોંગ્રેસના નેતા અનુપ રાજપૂતે દાવો કર્યો હતો. તેમણે ૧૧ મુદ્દાના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સંકલ્પ પત્રને જાહેર કર્યુ હતું. વલસાડ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ તેમજ માજી સાંસદ કિશનભાઈ પટેલ, વાપી શહેર કોંગ્રેસના પ્રમુખ મહેશભાઈ શાહની ઉપસ્થિતિમાં કોંગ્રેસની પત્રકાર પરિષદમાં વાપી મનપાના સંકલ્પ પત્ર જાહેર કરાયું હતું.

વાપી મનપાની ચૂંટણીમાં ૨૭ બેઠકો મેળવીને કોંગ્રેસ વાપીમાં મનપામાં પોતાનો મેયર બનાવશે તેવું જણાવ્યા બાદ ઉમેદવારો ક્યારે જાહેર કરાશે તે પ્રશ્નના જવાબમાં ઉમેદવારોનું લિસ્ટ ખૂબ જલ્દી કોંગ્રેસ દ્વારા જાહેર કરશે તેવું જણાવાયું હતું. આ પ્રસંગે કોંગ્રેસના ખંડુભાઈ પટેલ, પીરૂભાઈ મકરાણી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વાપી મનપાની ચૂંટણીમાં કોંગ્રેસે હજી તેના સત્તાવાર ઉમેદવારોનું લિસ્ટ જાહેર કર્યુ નથી. પરંતુ મંગળવારે શહેર કોંગ્રેસ કાર્યાલયમાં આપના ઉમેદવાર કોંગ્રેસમાં સામેલ થયા હતા. આ ઉમેદવાર કેતન પટેલને વોર્ડ નં.૬માં કોંગ્રેસે પોતાનો ઉમેદવાર જાહેર કરીને શહેર પ્રમુખે તેને કોંગ્રેસની ખેસ પહેરાવી આવકાર્યો હતો.

### વેચાણ કરાર રદ કર્યા અંગેની જાહેર નોટીસ

મોજે- **ધામણ**, તાલુકા :- **નવસારી**, જીલ્લા :- નવસારી ખાતે આવેલ જુના બ્લોક / સર્વે નંબર-૫૭નવો બ્લોક / સર્વે નંબર-૬૨ વાળી ખેતીની જુની શરતની રેવન્યુ રેકર્ડ દફતરે **ઇન્દુબેન મગનભાઇ પટેલ તે નવનીતભાઈ પટેલની પત્ની સ્વતંત્ર** માલીકી, કબજા ભોગવટા વાળી ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. **૦-૭૨-૫૭ વાળી આકાર ૮-૨૫ વાળી ખાતા નંબર-૨૪૬** વાળી જમીન મિલકત વારસાગત **સ્વતંત્ર** માલીકી, કબજા, વહીવટ, ભોગવટાની ચાલી આવેલ છે. જે જમીન વેચાણ રાખવા અંગે હમો **શ્રી ધર્મેશભાઈ દિનેશભાઈ પટેલ, રહેવાસી-પડઘા ફળીયુ, પડઘા, તા.જી.નવસારીના**ઓએ વેચાણ અંગેનો સોદો કરેલ. જે સંદર્ભે હમો વેચાણ લેનાર તરફથી જાહેર નોટીસ તારીખ ૦૪-૧૦-૨૦૨૫ થી હમારી સુચના અને ફરમાઈસથી વિદવાન એડવોકેટ માફરતે પ્રસિધ્ધ ગુજરાત મિત્ર સમાચાર પત્રમાં વેચાણ રાખવા માટે આપેલ હતી. જે જમીન વેચાણ અંગેનો કરાર (સોદામાં) નકકી કરેલ તમામ શરતો હમો વેચાણ લેનારે પરીપુર્ણ કરવામાં નિષ્ફળ ગયેલ હોય. સોદા સમયે બાનાપેટે મળેલ રકમ પણ વેચાણ આપનાર તરફે હમોને પરત કરવામાં આવેલ છે. હમો વેચાણ લેનાર તરફથી આ સોદો રદ(કેન્સલ) કરીએ છીએ. જે આ જાહેર નોટીસથી હમોએ કબુલ મંજુર બંધનકર્તા છે.

આમ ઉકત જમીનના ટાઇટલ બાબતે કોઈપણ વાંધો ન હોય ટાઇટલ કલીયર જમીન હોય હમો તરફથી આ વેચાણ કરાર રદ કર્યા અંગેની જાહેર નોટીસ આપવામાં આવેલ છે. ભવિષ્યમાં હમો વેચાણ લેનાર યાને સોદો રદ કરનાર કોઈપણ જાતનો દર-દાવો કે કોઈપણ કોર્ટ-કચેરીનો આશરો લેશુ નહી. કે કોઈપણ જાતનો હકક, હિસ્સો, દરદાવો, લાગભાગ, ભરણપોષણ, કે કોઈના સાટાખત, વેચાણ લેખ, કબજા કરાર યા ચાર્જ, બોજો યા લીયન યા ઈઝમેન્ટના હકકો યા અન્ય કોઈપણ હકકો યા અધિકારો યા લખાણ હોય તો તે આ જાહેર નોટીસથી રદ બાતલ ગણીશુ અને જે અંગે ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર કે દાવો ઉપસ્થિત કરીશુ નહી. જેની આ જાહેર નોટીસથી સર્વેએ નોંધ લેવી.

(ધર્મેશભાઈ દિનેશભાઈ પટેલ)

અસીલ મજકુરની સૂચના અને ફરમાઈશ અન્વયે...

તા. ૦૭-૦૪-૨૦૨૬ **સ્વાતિ ધર્મેન્દ્ર ગાંધી** (એડવોકેટ)

બીજો માળ-૨૧૦, શિવાની કોમ્પલેક્ષ, કલેકટર કચેરીની બાજુમાં, તા. જી. નવસારી.મો.: 8469401787